मंगळाचरण.

સૂત્રધાર— (ગણપતીનું સ્તવન કરે છે.)

આર્યાગીતીની ચાલ.

શ્રી ગજ વદના તુજને, નમું હું કાર્યાર્થ દીન થઇ દાસ;
પાત્રો સિદ્ધ કરીને, પૂર્ણ કરો સર્વ થૈવ મમ આસ ॥ ૧ ॥

સૂત્રધાર— (ઇશ્વરનું સ્તવન કરે છે.)

રાગ ધનાશ્રી.

રામ ગોવીંદ હરી, ભજમન રામ ગોવીંદ હરી. ટેક.
મનુષ્યા દેહ દુર્લભ તુજને, મળશે કેમ ફરી. ભજમન. ૧
દામ ન બેશે જપ તપ કરતાં, જોતું વિચાર કરી. ભજમન. ૨
ભજન કરે ભવ સિંધુ સુખેથી, જાશો સહેજ તરી. ભજમન. ૩

(ફરી ગણપતીના સ્તુતી કરે છે.)

ધનાશ્રી કાફી.

ગજાનનના દો દરશણ સત્વર, શ્રમીત છું હું તમારો કીંકર ટેક.
નામ તમારૂં સ્મરૂ છું દેવા;
આરંભ કરવા નાટક સેવા. ગજાનનના. ૧
સર્વે પાત્રો ?કતીક્ષણ છે;
સુમતિ કરો તેઓ મતી હિણ છે. ગજાનનના. ૨

(સવિસ્તર સ્તુતી.)

ગઝલ.

જય ગીરજાનંદ ગજાનનના, પ્રથમે કરૂં છું આરાધના;
બેઉ કર જોડી કરૂં વંદના, આપ દર્શાણુની છે વાંછનાં ટેક.
લાભ, લક્ષ, પુત્રો તમારા, રીધ્ધ સીધ્ધ, નામે છે સુતા;
ક્ષેમ કુશળ જામાત્ર છે, વળી છો અહારી મોદીકના. જય. ૧
શંભુ જેવા પિતા છે જેના, સુધ્ધ, બુધ્ધ, સરખી છે ત્રિયા;
મુજ વાંછિત ફળ પામવા, પ્રણમું હું મુષક વાહના. જય. ૨

સાર્દુલવિક્રિતનો ચાલ.

પ્રારંભે વિનતી કરૂં, ગીરજા સુત હે ગણપતી;
આ નાટક મેં આદર્યું, દેજો મને શુભ મતી. ૧
પાર્વતી પુત્ર ગજાનના, સ્તુતી કરૂં તાહેરી;
હે મંગળ મય ગણપતી, આશા પુરો માહેરી. ૨

વિદુશક— (ગણપતીને કહે છે.)

ગઝલ.

સેવક પરાક્રમી એવો, કરૂં ચમત્કાર જોવા જેવો. સેવક.
પલમાં હસાવું રડાવું હું. પલકમાં માફ મગાવું છું. સેવક.
સેકયો પાપડ સડાક ભાજ્યું, લંકાથી લાહોર સાંજે પોંચ્યું. સેવક.

એવો ગુણ પ્રભુ મુજને આપ્યો, કરી મુખ્ય નાટકે સ્થાપ્યો
સેવક પરાક્રમી એવો, કરૂં ચમત્કાર જોવા જેવો.

સૂત્રધાર—(સરસ્વતીનું સ્તવન કરે છે.)

કાફી.

કરોની સેવકની સહાયરે, એહો બ્રહ્મ કુમારી ટેક.
સ્મિત સુંદર કમળ મૂખ, નિરખવા તણી લાગી ભુખ;
દર્શણ આપી કરો સુખરે, એહો બ્રહ્મ કુમારી. ૧
મયુરપર સ્વારી કરો, સેવકોનાં સંકટ હરો;
વિણા પુસ્તક કર ધરોરે, એહો બ્રહ્મ કુમારી. ૨
તેત્રીશ ક્રોડને કીધી સહાય, અસુરોને દીધી લાય;
ચત્રધારની ગ્રહો બાંહ્યરે, એહો બ્રહ્મ કુમારી. ૩

રૂક્ષ્મણી—(પોતાના ભાઇ રૂક્ષ્મૈઆએ શીશુપાળ ઉપર કંકાત્રી લખેલી સાંભળી પશ્ચાતાપ કરે છે.)

લલીત છંદની ચાલ.

અરર મમ ગતી શી હવે થશે; કૃષ્ણના વરે જીવરે જશે.
કઠિણ વાક્યરે મૂજ ભ્રાતનું, નવ ખમાયરે શું હવે કરૂં.

તાતજી તણી આજ્ઞા લોપીરે, કઠિણ બંધુએ ખૂબ કોપીરે.
અસુર આણવા રે ગયો ઉઠી, હે વિધાત્રિ તું કેમરે રૂઠી.

સખી—(ધીરજ આપે છે)

લલીત છંદની ચાલ.

અરર બેનીરે આમ શું કરો; હિંમત લાવીને ધીરજ ધરો.
ખચિત આપને અંબાજી ફળે; નિઃશંક આપને કૃષ્ણજી વરે.
પૂરણ પ્રેમતો માજી જાણીને; જરૂર આણસે આંહી કૃષ્ણને.
ભક્તિ ભાવથી બ્રહ્મને ભજો; હરી હૃદે ધરી દુઃખને તજો.

રૂક્ષ્મણી—(સખીને કાગળ વાંચી સંભળાવે છે)

કાલીંગડાની ગરબી.

વેહેલારે આવો પ્રાણજીવન માહરા;
છોજીરે મુજ લોચનના તારા—॥ ટેક ॥
લખે કુંદનપુરથી રૂક્ષ્મણી દાસી;
મુજ લગ્નને ત્રણ દિવસ બાકી;
રે !નાથ ન આવે થશે હાંસી. વેહેલારે—૧
અંબા પુજી પાછી વળું જ્યાંથી;
મુજને સત્વર હરી લેજો ત્યાંથી;
સાથેરે લાવજો વીર વડાભાથી. વેહેલારે—૨

ધરીરે મેં તો તમ અર્થે કાયા;
લાગી છે તમ નામ તણી માયા;
દખીશ ક્યારે દેવકીના જાયા. વેહેલારે–૩
શીશુપાળ કાળ આવે આપે;
સિંહનો ભાગ શ્વાન લેવા તાકે;
થાશેરે જશ મુર્ખનો મદ કાપે. વેહેલારે–૪

કૃષ્ણ—(કાગળ વાંચી રૂક્ષ્મૈઆને ફીટકાર દે છે.)

ક્ષત્રી કલંકની રાહ.

ધિક ધિક ક્ષત્રિના તન, રૂક્ષ્મૈઆ તેં આશું કીધું રે–ટેક.
દુઃખિ કીધું તે પિતાનું મન–રૂક્ષ્મૈઆ.
તારી ભગીની ઘણી સુકુમાર–રૂક્ષ્મૈઆ.
તેના ઉપર આશો દીધો માર–રૂક્ષ્મૈઆ.
એ છે રાક્ષસ શીશુપાળ–રૂક્ષ્મૈઆ.
તેને વરાવવા થયો છે તૈયાર–રૂક્ષ્મૈઆ.
કરે મરજી વિરૂધ તું કામ–રૂક્ષ્મૈઆ.
જઈ સાહે કરૂં હું તે ઠામ–રૂક્ષ્મૈઆ.
આ શો સંકટનો છે દિન–રૂક્ષ્મૈઆ.
જેમ ઊંદર ઉપર જાણે મીન–રૂક્ષ્મૈઆ.
અબળા વિનયથી તેડે ત્યાંય–રૂક્ષ્મૈઆ.

ધિક નહીં જાઉં એ છે જ્યાંય–રૂક્મૈઆ.
નક્કી જાવું મારે ત્યાં તત્કાળ–રૂક્મૈઆ.
નહીં તો અબળાનો થાશે કાળ–રૂક્મૈઆ.
ખરો હોઉં યાદવ કુળ દીપ–રૂક્મૈઆ.
શીશુ રૂક્મૈઆનું છેદું જઈ શીશ–રૂક્મૈઆ.
કરૂં હરણ રૂક્મણીને આજ–રૂક્મૈઆ.
ત્યારે ખરો યાદવનો રાજ–રૂક્મૈઆ.

રૂક્મણી—(અંબાની સ્તુતી કરે છે)

ગરબી.

સાહે થજે અંબેમાત (૨) આરે વખતમાં માહેરી;
માહરા પૂરણ ભાગ્ય (૨) માજી કૃપા હોય તાહેરી.
બંધુ માહરો અસૂર (૨) અસૂર રાજાને વરાવવા;
થયો છે એ તૈયાર (૨) રંક અબળાને સતાવવા.
મુજ પ્રાણ તો જાય (૨) જો શીશુપાળ કરે ચડું;
મમ શ્યામ સુંદર (૨) નટવર કૃષ્ણને હું વરૂં.
અંબા તારી કૃપાય (૨) કૃષ્ણજી આવીરે વરે;
કરી દુષ્ટ સંહાર (૨) વિજયી થઈને જો હરે.

સખી—(ધીરજ આપે છે)

માહાડની ગઝલ.

પ્રીય બેની તું શીદ મુઝાયરે. ધૈર્ય ધરની તું અરે;
આવી કૃષ્ણજી કરશે સહાયરે. ધૈર્ય ધરની તું અરે ॥ ટેક ॥

સાખી.

ચિંતા કર્યા થકી આ તારૂં વદન તવાએ ખરે;
વળી તારા વિલાપે મારૂં; હૃદય ભરાએ અરે—ધૈર્ય.
માટે ચિંતા છોડી દઈ તું પ્રભુ વિષે મન રાખ;
ભક્ત વત્સલ પ્રભુ આવી, તુજ ધાર્યું સફળ કરે—ધૈર્ય.
અંબા દેવી આદ્ય ભવાની તુજ શીર કર ધરે;
વળી તેની કૃપાએ તુજને, કૃષ્ણજી વરે—ધૈર્ય.

રૂક્ષ્મણી—(હરીભટને આવતો જોઇને)

રાગ કાફી.

મુની હરીભટ લાગું હું પાયરે, સમાચાર શા લાવ્યા ॥ટેક॥
સરસ્વતિ શ્યામાને વિનવુંરે, ગણપત લાગું હું પાએ;
શુભ કર વાણી આપજોરે (૨) મારા જીવતરને જશ થાયરે.
સમાચાર શા લાવ્યા.
ડુંગર હોએ તો ખેડીએરે, સમુદ્ર ખેડ્યો કેમ જાએ;

પેલા જનમની પ્રીતડીરે (૨) મુની તે તોડી કેમ જાઓરે.

સમાચાર શા લાવ્યા.

મોંહનાં તે માગ્યાં આપીએરે, જો કાંઇ વધામણી ખાઓ;

હાર હૈયાનો આપું હું તમને (૨) લઇને તમે ઘેર જાઓરે.

સમાચાર શા લાવ્યા.

રૂક્ષ્મણી—(અંબા પુજન વખતે)

રાગ સોહેણી પરજ.

દયાળુ અંબા સંખન પુરની રાય, અરજ એક સાંભળો મોરી માય ॥ ટેક ॥

માજીરે પુજા કરવા, સામગ્રી સાથ;

થાળ ભરી લાવી છું મોરી માત. દયાળુ-૧

માજીરે તારો, આરાસુરમાં વાસ;

ઇચ્છા વર વરવા ધરૂં મન આસ. દયાળુ-૨

માજીરે તેં તો, માર્યા ઘણારે અસૂર;

સેવકોનાં સંકટ કીધા દૂર. દયાળુ-૩

રૂક્ષ્મણી—(અંબા પુજન કર્યા બાદ સ્તુતી કરે છે.)

જય જય જય જગત, અંબા દયાળી;

અરજ કરૂં દીન, પુત્રી હું તારી. જય જય.

સાષ્ટાંગે તુજને, પ્રણામ કરીને;
માગું કૃપા મૈઆ, આજે હું તારી. જય જય.
દીલ દુખાશે, જીવ મુજ જાશે;
જો શીશુપાળ બાંહ્ય ગ્રહશેજ માહરી. જય જય.
બંધુ આ મારો, વેરી થયો છે;
કરે છે લગ્નમાં, એની તૈયારી. જય જય.
માટે મા સાહે, થાતું આ વારે;
શ્યામ સુંદર વર, માગું કૃપાળી; જય જય.
આ અબળાની, આશા પૂરણ;
હરણ કરે કૃષ્ણ, દુષ્ટ સંહારી. જય જય.
હું અબળાનું, બરદ વિચારી;
ષટ્ ગુણ ધારણ, કરજે અંબાઇ. જય જય.

રૂક્ષ્મણી—(કૃષ્ણ રૂક્ષ્મણીનું હરણ કરીને જાય છે તે વખતે)

ગઝલ.

શ્રી દ્વારીકાં ધીશ, અવિનાશી; સમુદ્ર તીરના વાસી. દ્વારીકાં·
તમે બ્રહ્મા, તમે વિષ્ણુ; તમે કૈલાસના વાસી દ્વારીકાં.
તમે જળમાં, તમે સ્થળમાં; તમે ગૌલોકમાં રાજી. દ્વાકીકા·
પ્રિતમ પ્યારા, પ્રભુ મારા; નમું હું આપને દાસી. દ્વારીકાં.

સ્તુતી મારી, દીલ ધારી; તમે છો વીશ્વ વીલાસી. દ્વારીકાં.
છોડો વીનતી, કરૂં દાસી; ×વધેથી જગત વદે હાંસી. દ્વારીકાં.

સખી—(રૂક્ષ્મણીને સખી છુટાં પડતી વખતે એક બીજાને કહે છે)

ભેરવી.

(છોડી દે દુષ્ટ તું હવે એ રાહ.)

પ્રીય સખી તું જાય છે, તારા પીયુને તું મળી; ટેક.
વિયોગ તારો સાલશે, રહી શકીશ હું તે કેમ;
એક ઘડી નવ ચાલતું, રેહેમ નજર તું કર જરી. પ્રીય.

રૂક્ષ્મણી—અરે તું આમ શું કરે, વિચાર કરી તું જો જરા;
તુજ કૃપા મુજપર થઇ, પ્યારા સ્વામીને હું મળી.

સખી—પ્રીય સખી તું જાય છે, તારા પીયુને તું મળી;
નહીં નહીં એમ શું કહે, મારાથી શું થઇ શકે;
પણ આ તારા વિયોગથી, હું મરીશ ઝુરી ઝુરી, પ્રીય

રૂક્ષ્મણી—પ્રીય સખી તું શાત થા, ધૈર્ય ધરી તું રહે અહીં;
એકજ માસ વિત્યા પછી, આવજે મુજ પાસે વળી.

(× વધેથી=નાશ કીધાથી.)

રૂક્ષ્મૈયો— (પશ્ચાતાપ કરે છે.)

રાગ પીલુ.

આશું થયું પ્રભુ, સહ્યું ન જાએ;
કેમ વળું હું, કુંદનપુરમાંએ. આશું થયું.
મારી વીટંમણા, જો કોઇ જાણે;
ધિક ધિક સર્વ, કહે તેજ ટાણે. આશું થયું.
આરે જીવ્યાથી, ભલું મર્ણ કેવાએ;
લેખ લખ્યા કદી, મિથ્યા ન થાએ. આશું થયું.
નગ્ર નવુંજ વસાવીશ જ્યારે;
શાંત થશે મન માહરૂંજ ત્યારે. આશું થયું.

ગુણકા—(કૃષ્ણની કચેરીમાં ગાયે છે.)

કાલીંગડાનો દાદરો.

જય જય કાર કરે પુરના લોકરે;
કરે પુરના લોકરે, કરે પુરના લોકરે જય જય.
રૂક્ષ્મણીની કીર્તિ થઇ, ભીમકની લજ્યા રહી;
રૂક્ષ્મૈએ તાણીને, મૂક્યો પોકરે. જય જય.

અંબિકા પુજેથી પામી, પતી રૂડો અંતર્યામી;
જોવા મળ્યા લોક થોકા થોકરે. જય જય.

ભેરવીનો દાદરો.

જેવી કરણી તેવા લેખ પ્રભુ લખે;
તે બીજા કોઇથી ફેરી ન શકે. જેવી કરણી.
મુની વિશ્વા મિત્રે હરિ,શ્ચંદ્રને દુઃખ દીધું;
તેને હરી વિના કોણ ઉગારી શકે. તે બીજા.
રાવણ પણે જોગી થયો, સીતાજીને હરી ગયો;
તેને રામ વિના કોણ મારી શકે. તે બીજા.
દુર્યોધનની લજા ગઇ, પાંડવોની કીર્ત્તિ થઇ;
તેઓ કૃષ્ણ વિના, કેમ ફાવી શકે. તે બીજા.
રૂક્ષ્મૈઆએ ઠીક ન કીધું, પીતાજીનું માન લીધું;
યાદવપતી વિના માન, કોણ ઉતારી શકે. તે બીજા.
જેવો જેણે ગર્વ કીધો, તેવો તેને દંડ દીધો;
અવિનાશીને ભજ્યા વિના કો, તરી ન શકે. તે બીજા.